**અમરેલીના સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામમાં અરેરાટી**

# પુત્રીની હત્યા કરી હાર-ચૂંદડી પહેરાવી, મૃતદેહ ફ્રીજમાં મૂકી પિતાનો આપઘાત

**પિતાએ** પુત્રીના મોઢામાં તુલસીનું પાન પણ મૂક્યું હતું, પિતાએ લખેલી ત્રણ ચિઠ્ઠીમાંથી હત્યા-આત્મહત્યાનું રહસ્ય ખૂલ્યું

**મહુવાના** કામના રૂ.૭.૨૫ લાખ ન મળતા આર્થિક સંકટમાં મુકાયેલા પિતાએ પુત્રી અનાથ નહીં થાય તેથી મારી નાંખી

### ફ્રીજ ખોલતાં માસૂમ પુત્રીનો મૃતદેહ મળ્યો

પિતાનો મૃતદેહ મળ્યા બાદ પરિવારજનો અને ગ્રામજનો દ્વારા પાંચ વર્ષની પુત્રી હિમાંશી ઉર્ફે દીકુની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આખરે ઘરના ફ્રિજમાંથી બાળકીનો મૃતદેહ મળી આવતાં ઘટનાએ ગંભીર વળાંક લીધો હતો. બાળકીનો મૃતદેહ ફ્રિજમાં બેસાડેલી અવસ્થામાં હતો. ઢળી ન જાય તે માટે આસપાસ ઓશિકાના ટેકા મૂકવામાં આવ્યા હતા. તેના બંને હાથ જોડેલી સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા. ગળામાં ગલગોટાના ફૂલનો હાર અને માથે ચૂંદડી ઓઢાડવામાં આવી હતી, જ્યારે મોઢામાં તુલસી જેવું પાન મૂકવામાં આવ્યું હતું.

### ત્રણ ચિઠ્ઠીમાં લખ્યું: પૈસા ન મળ્યા, લોનનું ભારણ વધ્યું

પોલીસને ઘટનાસ્થળેથી કિશોરભાઈએ લખેલી ત્રણ અલગ-અલગ ચિઠ્ઠીઓ મળી આવી છે. તેમાં બાકી નાણાં ન મળવાના કારણે ઊભી થયેલી આર્થિક મુશ્કેલી અને પર્સનલ લોનના વધતા ભારણનો ઉલ્લેખ હોવાનું સામે આવ્યું છે. મહુવા ખાતે કરેલા કામના બાકી નાણાં તથા અન્ય ખર્ચ મળીને આશરે રૂ.૭.૨૫ લાખ લેવાના હોવાનું અને લાંબા સમયથી આ રકમ ન મળતા પરિવાર આર્થિક સંકટમાં મુકાયો હોવાનું ચિઠ્ઠીમાં લખાયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ચિઠ્ઠીમાં કિશોરભાઈએ પોતાના મૃત્યુ બાદ પુત્રી અનાથ અને દુઃખી ન થાય તે વિચારથી તેને પણ મારી નાખી હોવાનું લખ્યું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ તેમણે પુત્રીના મોઢા પર હાથ દઈ શ્વાસ રૂંધાવી તેની હત્યા કરી હતી અને મૃતદેહ ફ્રિજમાં મૂકી દીધો હતો. ત્યારબાદ તેમણે પોતે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ સમગ્ર બનાવ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

અમદાવાદ: અમરેલીના સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામમાં એક પિતાએ પોતાની પાંચ વર્ષની માસૂમ પુત્રીની હત્યા કરી મૃતદેહને ફ્રિજમાં છુપાવી દીધો અને ત્યારબાદ પોતે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હોવાની હચમચાવી દેનારી ઘટના સામે આવી છે.

ઘટનાસ્થળેથી પિતાએ લખેલી ત્રણ અલગ-અલગ ચિઠ્ઠીઓ મળી આવતાં પ્રાથમિક તપાસમાં હત્યા અને આત્મહત્યાની કડી બહાર આવી છે.

હાડીડા ગામમાં ભાડાના મકાનમાં રહેતા કિશોરભાઈ નાથાભાઈ ધાણક (પરાજીયા સોની) બાંધકામની સાઇટ પર સુપરવાઇઝર તરીકે કામ કરતા હતા. ૧૬ સપ્ટેમ્બરે તેઓ પૈસાની ઉઘરાણી માટે મહુવા જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. જોકે સાંજે તેમની પત્ની મંજુબેન તથા સગાં-સંબંધીઓ ઘરે પહોંચ્યા ત્યારે મકાન અંદરથી બંધ હતું. વારંવાર બોલાવવા છતાં અંદરથી કોઈ જવાબ ન મળતાં સરપંચ અને ગ્રામજનોની મદદથી દરવાજો ખોલવામાં આવ્યો હતો. અંદર જતાં કિશોરભાઈનો મૃતદેહ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

# ગાંધીનગર ફાયર તંત્રના ઈનચાર્જ ચીફ ફાયર ઓફિસર લાંચમાં પકડાયા

**ફાયર** એનઓસી રિન્યુઅલના બદલામાં 20 હજારની લાંચ માંગી હતી, એસીબીએ છટકું ગોઠવી પકડી લીધા

**શનિવાર** સુધીનાં રિમાન્ડ લઈ અન્ય એનઓસીમાં પણ લાંચ લેવાઈ છે કે કેમ તે દિશામાં પૂછપરછ શરૂ

**સરગાસણ** નજીકના કરોડોના બંગલાની પણ તપાસ; મિલકતની માલિકી અને નાણાંના સ્ત્રોત અંગે તપાસ થશે

### કવરમાં રૂ.૨૦ હજાર આપ્યા, ખિસ્સામાં મૂકતાં જ એસીબી ત્રાટકી

લાંચ આપવા ઇચ્છુક ન હોય તેવા ફરિયાદીએ ભરૂચ એસીબીનો સંપર્ક કરી લેખિત ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે ૧૬ સપ્ટેમ્બરે ગાંધીનગર ફાયર બ્રિગેડની મુખ્ય કચેરી ખાતે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ફરિયાદીએ રૂ.૨૦ હજારની લાંચ કવરમાં મૂકીને આપી હતી. રાજેશ પટેલે કવર ટેબલ પરથી ઉઠાવી પોતાના ખિસ્સામાં મૂકતાં જ એસીબીની ટીમે કાર્યવાહી કરી તેમને ઝડપી લીધા હતા. ભરૂચ ACBના PI એમ.જે. શિંદે અને તેમની ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી.

### રિમાન્ડ દરમિયાન અન્ય એનઓસીની પણ તપાસ કરાશે

ટ્રેપ બાદ એસીબી દ્વારા રાજેશ પટેલના રહેણાક સ્થળે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. સરગાસણ નજીક હડમતીયા વિસ્તારમાં આવેલા તેમના કરોડો રૂપિયાના બંગલા અંગે પણ તપાસ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. મિલકત કોના નામે છે, તેની ખરીદી માટે નાણાંનો સ્ત્રોત શું હતો અને આવકના પ્રમાણમાં મિલકત અંગે કોઈ વિસંગતતા છે કે કેમ તે સહિતના મુદ્દાઓ તપાસના દાયરામાં છે. હવે બે દિવસના રિમાન્ડ દરમિયાન એસીબી દ્વારા રાજેશ પટેલે અગાઉ અન્ય બિલ્ડિંગ સાઇટોની ફાયર NOC, રિન્યૂઅલ અથવા મંજૂરી માટે પણ કોઈ ગેરકાયદેસર રકમ માગી કે સ્વીકારી હતી કે કેમ તે દિશામાં પૂછપરછ કરશે. લાંચ કેસમાં ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરની ધરપકડ થતાં ગાંધીનગરના ફાયર વિભાગમાં પણ વહીવટી સ્તરે મોટી અસર પડી છે અને હવે રાજેશ પટેલ સામે સરકારી નિયમો મુજબ સસ્પેન્શન સહિતની કાર્યવાહી થવાની શક્યતા છે.

ગાંધીનગર: ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગના ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશકુમાર બાબુલાલ પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. ફાયર સેફ્ટી એનઓસીના રિન્યૂઅલના બદલામાં રૂ.૨૦ હજારની લાંચ સ્વીકારતા ભરૂચ એસીબીની ટ્રેપમાં રંગેહાથ ઝડપાયેલા રાજેશ પટેલને ગુરુવારે ગાંધીનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સરકારી પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીના શનિવારે સવારે ૧૧ વાગ્યા સુધીના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

એસીબીની પ્રાથમિક તપાસ મુજબ ગાંધીનગરની ત્રણ નવી બિલ્ડિંગ સાઈટો–નિર્માણ સત્વ, આવકાર-૯૬ અને જર્મન ગ્રીન ફિલ્ડ–માટે ડેવલપર્સ દ્વારા ફાયર એનઓસી મેળવવા અરજી કરવામાં આવી હતી. આ અરજીઓના આધારે ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલે સ્ટેશન ટાઉન ઓફિસર સાથે સાઈટ વિઝિટ અને ટેકનિકલ ઇન્સ્પેક્શન કર્યું હતું. તપાસ બાદ ત્રણેય સાઈટની ફાયર એનઓસી મંજૂર કરવાના બદલામાં ગેરકાયદેસર રીતે લાંચની રકમ માગવામાં આવી હોવાનો આક્ષેપ છે.

# ગુજરાતના મેન્યુફેક્ચરિંગ MSMEનું હવે GIS મેપિંગ કરાશે

**ઉદ્યોગ** પોર્ટલ પર નોંધાયેલા એકમોનું જિયો-ટેગિંગ થશે

**માળખાકીય** આયોજન અને નીતિ ઘડતરમાં મળશે સચોટ ડેટા

ગાંધીનગર: ગુજરાતના મેન્યુફેક્ચરિંગ MSME ક્ષેત્રને વધુ ડેટા આધારિત અને સુવ્યવસ્થિત બનાવવાની દિશામાં રાજ્ય સરકારે મહત્વની પહેલ હાથ ધરી છે. કેન્દ્ર સરકારની RAMP યોજના હેઠળ રાજ્યના MSME કમિશનરેટ દ્વારા 'PM ગતિ શક્તિ પોર્ટલ સાથે મેન્યુફેક્ચરિંગ MSMEનું મેપિંગ' પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત 'ઉદ્યોગ પોર્ટલ' પર નોંધાયેલા મેન્યુફેક્ચરિંગ MSME એકમોનું GIS આધારિત જિયો-ટેગિંગ અને મેપિંગ કરવામાં આવશે અને આ માહિતી PM ગતિ શક્તિ પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવશે.

આ કામગીરીની જવાબદારી ગુજરાત ઈન્ફો પેટ્રો લિમિટેડ (GIPL) ને સોંપવામાં આવી છે. GIPLના અધિકૃત પ્રતિનિધિઓ દ્વારા MSME એકમોની સ્થળ મુલાકાત લઈ જિયો-ટેગિંગ ઉપરાંત એકમોને લગતી જરૂરી માહિતીનું એકત્રીકરણ અને ચકાસણી કરવામાં આવશે. રાજ્યના MSME એકમો તથા ઉદ્યોગ સંગઠનોને આ કામગીરી દરમિયાન અધિકૃત પ્રતિનિધિઓને જરૂરી સહકાર આપવા અને માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ કરાવવા અપીલ કરવામાં આવી છે.

GIS આધારિત મેપિંગ પૂર્ણ થયા બાદ રાજ્યના મેન્યુફેક્ચરિંગ MSME એકમો અંગેનો સંકલિત અને સુવ્યવસ્થિત ડેટાબેઝ તૈયાર થશે. આ ડેટાના આધારે રાજ્યમાં માળખાકીય સુવિધાઓના આયોજન, MSME ક્ષેત્રને લગતી નીતિ ઘડતર અને વિવિધ સરકારી યોજનાઓના વધુ અસરકારક અમલીકરણ માટે જરૂરી માહિતી ઉપલબ્ધ થશે. PM ગતિ શક્તિ પોર્ટલ સાથે MSME ક્ષેત્રનો ડેટા સંકલિત થવાથી એકમોના સ્થાન અને સંબંધિત વિગતો વધુ વ્યવસ્થિત રીતે ઉપલબ્ધ બનશે. પરિણામે MSME ક્ષેત્ર માટે જરૂરિયાત આધારિત સહાય, સુવિધાઓ અને માળખાકીય આયોજન અંગે વધુ અસરકારક નિર્ણય પ્રક્રિયાને વેગ મળી શકશે. રાજ્યના MSME ક્ષેત્રના વિકાસ માટે ડેટા આધારિત આયોજન અને નિર્ણય પ્રક્રિયાને મજબૂત બનાવવાની દિશામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ બની રહેશે.

# 'મેરી ડિગ્રી કા ક્યા?', ગુજરાતમાં યુવા કોંગ્રેસનું અભિયાન શરૂ

**સરકારી** નોકરીની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગ, એક વર્ષ સુધી ચાલશે અભિયાન

**યુવાનો** વર્ષોની મહેનત બાદ ડિગ્રી મેળવે છે, છતાં રોજગાર ન મળતા નિરાશ થઈ રહ્યા છે

**એક** વર્ષમાં ખાલી સરકારી જગ્યાઓ ભરવામાં નહીં આવે તો યુવા કોંગ્રેસ દ્વારા વધુ કાર્યક્રમો અને આંદોલનો હાથ ધરવામાં આવશે

અમદાવાદ: ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા યુવાનોમાં વધતી બેરોજગારી અને સરકારી વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓના મુદ્દે 'મેરી ડિગ્રી કા ક્યાં?' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

મોંઘું શિક્ષણ મેળવ્યા બાદ પણ મોટી સંખ્યામાં યુવાનો રોજગારથી વંચિત છે અને સરકાર દ્વારા ખાલી સરકારી જગ્યાઓ સમયસર ભરવામાં આવતી નથી. ભાજપ સરકાર દ્વારા યુવાનોને રોજગાર આપવા માટે પૂરતું આયોજન કરવામાં આવ્યું નથી.

દેશભરમાં 50 લાખથી વધુ સરકારી જગ્યાઓ ખાલી છે, જ્યારે ગુજરાતમાં પણ દોઢ લાખથી વધુ સરકારી જગ્યાઓ ખાલી છે. આ તમામ ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા તથા નિયમિત ભરતી પ્રક્રિયા શરૂ કરવાની કોંગ્રેસએ માંગ કરી હતી.

પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલે 'મેરી ડિગ્રી કા ક્યાં?' અભિયાનની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, યુવાનો વર્ષોની મહેનત બાદ ડિગ્રી મેળવે છે અને તેમના માતા-પિતા મુશ્કેલી વેઠીને શિક્ષણ પાછળ નાણાં ખર્ચે છે. તેમ છતાં રોજગાર ન મળતા યુવાનો નિરાશ થઈ રહ્યા છે.

"એક યુવાન માત્ર નોકરી નથી માંગતો, પરંતુ પોતાના માતા-પિતાનો સહારો બનવાની તક માંગે છે. તે પોતાની મહેનત અને ડિગ્રીનું સન્માન ઈચ્છે છે," યુવા કોંગ્રેસે સરકાર સમક્ષ દરેક ખાલી સરકારી જગ્યાઓ માટે સમયબદ્ધ ભરતી કેલેન્ડર જાહેર કરવાની, ભરતી પરીક્ષાથી લઈને નિમણૂક સુધીની પ્રક્રિયા માટે સમયમર્યાદા નક્કી કરવાની તથા મંજૂર જગ્યાઓ સામે ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક ભરતી શરૂ કરવાની માંગ કરી છે. 'મેરી ડિગ્રી કા ક્યાં?' અભિયાન આગામી એક વર્ષ સુધી ચલાવવામાં આવશે.

આ દરમિયાન યુવાનોના પ્રશ્નો એકત્રિત કરી સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે. તેમજ 'નોકરી માર્ચ' અને 'ડિગ્રી માર્ચ' સહિતના લોકતાંત્રિક કાર્યક્રમો યોજીને યુવાનોને અભિયાન સાથે જોડવામાં આવશે. એક વર્ષમાં ખાલી સરકારી જગ્યાઓ ભરવામાં નહીં આવે તો યુવા કોંગ્રેસ દ્વારા વધુ કાર્યક્રમો અને આંદોલનો હાથ ધરવામાં આવશે.

**માણેકબાગ ચાર રસ્તા પાસે મસમોટો ભૂવો પડ્યો**




તસવીર : જનક પટેલ

■ અમદાવાદ શહેરમાં પડેલા વરસાદ બાદ માણેકબાદ ચાર રસ્તા પાસે આવેલી સોસાયટીના રસ્તા પર મસમોટો ભૂવો પડ્યો હતો. જેના કારણે રસ્તો બંધ થઈ જતા, વાહનવ્યવહારને અસર પડી હતી.

# આરોપીઓને મારવાના કેસમાં સુરત SOGના ડીસીપી નકુમને શો-કોઝ નોટિસ

**હાઇકોર્ટમાં** રાજ્ય સરકારે ખુલાસો કર્યો કે 'પ્રાથમિક દૃષ્ટિએ કૃત્ય AIS Conduct Rules હેઠળ આવે છે'

**ગૃહ** વિભાગે 14 સપ્ટેમ્બરે નોટિસ ફટકારી છે, 19મીએ વધુ સુનાવણી થશે

### 14 જુલાઈની ઘટનાએ ખળભળાટ મચાવ્યો હતો

સુરતમાં 14 જુલાઈના રોજ હાથકડી પહેરાવાયેલા ચાર આરોપીઓને જાહેર રસ્તા પર પોલીસ દ્વારા લઈ જવામાં આવ્યા હોવાનો અને આ દરમિયાન તેમને વારંવાર લાકડીઓથી માર મારવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનાને પગલે ગુજરાત હાઇકોર્ટે મામલે જાહેર હિતની અરજીના સંદર્ભમાં સુઓ મોટો કાર્યવાહી હાથ ધરી હતી. અહેવાલો અનુસાર તે સમયે નકુમ સુરત શહેરમાં ડીસીપી તરીકે ફરજ પર હતા. આ મામલે અગાઉની સુનાવણી દરમિયાન હાઇકોર્ટે નકુમની સુરતમાં સતત નિમણૂક અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો અને તેમને સુરતમાંથી ટ્રાન્સફર કરવા અંગે રાજ્ય સમક્ષ ગંભીર નોંધ લીધી હતી. આરોપીઓ સામેની કાર્યવાહી અંગે નકુમ તરફથી એવું કહેવામાં આવ્યું હતું કે તેમની સામે ગુનાહિત કેસો હતા અને તેમના વિસ્તારમાં લોકોમાં ભયનું વાતાવરણ હતું, તેથી પોલીસની સતર્કતા દર્શાવવા માટે તેમને તેમના રહેણાક વિસ્તારમાં સરઘસમાં લઈ જવામાં આવ્યા હતા.

### હવે શિસ્તભંગ કાર્યવાહીની પ્રગતિ હાઈકોર્ટને આપવી પડશે

ગુરુવારની સુનાવણીમાં હાઇકોર્ટે રાજ્ય સરકારને નકુમ સામે શરૂ કરવામાં આવેલી શિસ્તભંગ કાર્યવાહીની પ્રગતિ અદાલતના રેકોર્ડ પર મૂકવા નિર્દેશ કર્યો છે. હવે આ કેસની વધુ સુનાવણી 19 ઓક્ટોબર, 2026ના રોજ રાખવામાં આવી છે. એટલે આગામી સુનાવણીમાં નકુમને પાઠવાયેલી કારણદર્શક નોટિસ બાદની કાર્યવાહી અંગે રાજ્યએ કોર્ટને પ્રગતિ અહેવાલ આપવાનો

અમદાવાદ: સુરતમાં હાથકડી પહેરાવેલા આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી લાકડીઓથી માર મારવાના આક્ષેપોને પગલે સુરત એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે આખરે વિભાગીય કાર્યવાહીનો માર્ગ ખુલ્યો છે. રાજ્ય સરકારે ગુરુવારે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ખુલાસો કર્યો કે ગૃહ વિભાગે નકુમને 14 સપ્ટેમ્બર, 2026ના રોજ કારણદર્શક નોટિસ પાઠવી છે. નકુમનું કૃત્ય પ્રથમદર્શી રીતે All India Services (Conduct) Rules, 1968ના Rule 3(b)(1) અને Rule 3(2) હેઠળ આવતું હોવાનું માની ગૃહ વિભાગે તેમની પાસેથી 15 દિવસમાં ખુલાસો માંગ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગરવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રેની ડિવિઝન બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન રાજ્ય તરફથી સરકારી વકીલ જી.એચ. વિર્કે દલીલ કરી હતી કે સુરત શહેરના એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઈમ) દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસના તારણો સાથે રાજ્યના પોલીસ વડાએ સંમતિ દર્શાવી છે. તપાસ અહેવાલ અગાઉ હાઈકોર્ટ સમક્ષ સીલબંધ કવરમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અહેવાલ ગૃહ વિભાગ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

# તહેવારો-મેળાઓમાં એસટીના મુસાફરોને બાયોડિગ્રેબલ બેગ અપાશે

**ધાર્મિક** સ્થળોએ સુગમ-સુરક્ષિત પરિવહન માટે એસટી નિગમ દ્વારા આ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી

**૧૫** લાખથી વધુ શ્રદ્ધાળુઓ માટે એસટી નિગમનું આયોજન, મુસાફરોને સિંગલ યુઝ પ્લાસ્ટિક ઘટાડવા માટે આ બેગ અપાશે

ગાંધીનગર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાજ્યભરમાં એક માસ સુધી યોજાનારા વિવિધ સેવાકીય કાર્યક્રમો તથા તેમના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે 'સેવા મેરા યોગદાન' અંતર્ગત ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા પર્યાવરણલક્ષી પહેલ સાથે તહેવારો અને મેળાઓમાં ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓની સુગમ અને સુરક્ષિત મુસાફરી માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાજ્યના વિવિધ ધાર્મિક સ્થળોએ યોજાતા મેળાઓ અને તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટવાના પગલે એસટી નિગમ દ્વારા વધારાની પરિવહન વ્યવસ્થા સહિત મુસાફરોની સુવિધા માટે આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ખૂણે-ખૂણેથી આવતા યાત્રિકોને આરામદાયક અને સુગમ મુસાફરી મળી રહે તે માટે નિગમના ડ્રાઈવર, કંડક્ટર સહિતનો સ્ટાફ તૈનાત રહેશે. આ સાથે જ પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને ધાર્મિક સ્થળો અને મેળાઓમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક સાથે આવતા યાત્રિકોને એસ નિગમ દ્વારા નિઃશુલ્ક બાયોડીગ્રેડેબલ બેગ્સનું વિતરણ કરવામાં આવશે. પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણના સંદેશને પ્રોત્સાહન આપતી આ પહેલનો હેતુ તહેવારો દરમિયાન વધતા પ્લાસ્ટિક કચરાને ઘટાડવાનો છે. રાજ્યના વિવિધ મેળાઓ અને તહેવારો દરમિયાન ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓની મુસાફરીનું સંચાલન સરળતાથી થાય અને કોઈ અગવડ ન પડે તે માટે એસટી નિગમ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરોની સંખ્યા અને સ્થળની જરૂરિયાત પ્રમાણે પરિવહન વ્યવસ્થા ગોઠવી સુરક્ષિત અને સુચારૂ સેવા પૂરી પાડવા માટે નિગમ સંપૂર્ણપણે સજ્જ

**સુડોકુ ૬૬૩૯ 'ક્રુઝ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૮ | ૯ | ૫ | ૬ | ૪ | | |
| ૪ | | ૬ | ૨ | ૩ | | ૮ | ૯ | |
| | | | | ૪ | | ૬ | ૧ | |
| | | ૯ | | | ૫ | ૨ | ૩ | |
| ૭ | ૧ | | ૩ | | | ૫ | ૬ | |
| | | | ૧ | ૬ | | ૭ | ૪ | ૯ |
| ૮ | ૨ | ૭ | | | ૯ | ૩ | | |
| | ૪ | | | ૨ | | | ૮ | |
| ૯ | ૬ | | ૫ | | | ૧ | | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



**દાદીમાના નુસખા**

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ચર્મરોગ અને લીમડો

લીમડો ચામડીના રોગો માટે પસંદગીનું દ્રવ્ય છે. લીમડાના ફૂલ ની ઋતુમાં ફૂલ ભેગા કરી તેમાંથી ગુલકંદ - મુરબ્બો બનાવી દર્દીને ખાવા આપતા.

## આજનું પંચાંગ

**તા. 18/09/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: સાતમ: 13:01, જ્યેષ્ઠાગૌરી પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 27
**યોગ :** પ્રીતિ **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** જ્યેષ્ઠા :22:46 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી મૂળની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 22:46 ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** સામાન્ય- મહાલક્ષ્મીવ્રતારંભ-મંગળ કર્કમાં: 16:36થી
**સુરતમાં સૂર્યોદય :** 06:27 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:38
**નવકારસી :** 07:15
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 05મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10.30થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ખાવા-પીવાથી પેટની સમસ્યા થઇ શકે છે. માટે ગુણવત્તાપૂર્ણ ખોરાક લેવો. વિવાદ ટાળવો.

**વૃષભ (બ,વ,ઉ,):** પારિવારિક ધંધામાં નફો વધશે. પ્રેમવિવાહમાં પરિવારનો સાથ મળે. ઘરમાં મોજશોખની વસ્તુ આવે.

**મિથુન (ક,છ,ઘ,):** વધુ પડતા કામનો બોજ અને માનસિક પીડા આરોગ્યની સમસ્યા પેદા કરે. બીજાની વાતોમાં આવવું નહીં.

**કર્ક (ડ,હ,):** પોતાનાં બાળકો અને સ્વજનોની સમસ્યાનું નિરાકરણ મનને શાંતિ આપશે. ભાગ્યનો સાથ મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** વધુ પડતો આત્મવિશ્વાસ ભારે પડે. કામનો બોજ વધશે. મિલકત બાબતે વિવાદથી અશાંતિ પેદા થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજીક પ્રભાવ વધે. જીવનસાથીનો સાથ મળે. વિદ્યાર્થીઓને નવુ શીખવા અને સંશોધનમાં સફળતા મળે.

**તુલા (ર,ત,):** ઉઘરાણી આવી શકે છે. વિવાદ કરનારથી દૂર રહેવું. ધંધામાં આવક વધે. પ્રેમમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** વહીવટીક્ષેત્રે સફળતા મળે. નવું શીખવા મળે. શુભ સમાચારથી ઉત્સાહ વધશે. નવી તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. ઉતાવળમાં કોઈ નિર્ણય લેવા નહી. બિન જરૂરી ખર્ચા પર કાબૂ રાખવો.

**મકર (ખ,જ,):** આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. મોજ-શોખ બાબતે પ્રવાસનું આયોજન થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉત્સાહજનક પ્રગતિ થાય. ધંધામાં આવક વધે. નોકરીમાં નવી તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** માર્કેટીંગ, શિક્ષણ, કાયદા અને વિદેશ તથા સાહિત્યને લગતાં કામ પાર પડે. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 18 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં આવક વધે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા સમાજ વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. સામાજિક પ્રવૃત્તિમાં અપજશ મળે. પારિવારિક સમસ્યા વધશે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. મિત્રોનો સાથ આવક વધારવાની યોજનામાં મળે. સરકારી કામ-કોર્ટ- કચેરીમાં વિલંબ થાય. ઉંમર-લાયકના વિવાહ થાય. પ્રેમ- વિવાહમાં સફળ રહે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ- એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બર, મંગળ- ગુરુવાર, 09,18, 27 તારીખે નવા કામ કરવાં, લાલ રંગનો ઉપયોગ કરવો. ડિસેમ્બર, જાન્યુઆરી, બુધ-શનિવાર, 08,17, 26 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ અને ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતા રહેવું.

# 'વિપક્ષ ગમે તેટલું રોકે, મહિલા અનામત બિલ પાસ થઈને જ રહેશે'

**વડનગરની** ધરતી પરથી અમિત શાહનો મોટો રાજકીય સંદેશ

**મોદીના** શાસનકાળમાં જ 33 ટકા માતૃશક્તિ અનામત લાગુ થવાનો વિશ્વાસ

**મોદીના** જન્મદિવસે વડનગરથી વારાણસી સુધી બાઈક યાત્રાને લીલી ઝંડી

ગાંધીનગર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મસ્થળ વડનગરની ધરતી પરથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહિલા અનામતના મુદ્દે મોટો રાજકીય સંદેશ આપતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વિપક્ષ ગમે તેટલો પ્રયાસ કરે, પરંતુ ૩૩ ટકા માતૃશક્તિ મહિલા અનામત થઈને જ રહેશે. મોદીના શાસનકાળમાં જ મહિલા અનામત લાગુ થશે, તેમાં કોઈએ શંકા રાખવાની જરૂર નથી. વડનગરથી વારાણસી સેવા યાત્રાના પ્રસ્થાન પ્રસંગે શાહે આ નિવેદન કરતાં મહિલા અનામતનો મુદ્દો ફરી રાજકીય ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે. અમિત શાહે વિપક્ષ પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે વિપક્ષના નેતાઓ બિલને રોકીને બેઠા છે, પરંતુ દેશની મહિલાઓને ૩૩ ટકા માતૃશક્તિ અનામત મળીને જ રહેશે. તેમણે દેશની મહિલાઓને આશ્વાસન આપતાં કહ્યું હતું કે આ મુદ્દે કોઈએ શંકા રાખવાની જરૂર નથી. શાહે આ નિવેદન વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિત્તે તેમના જન્મસ્થળ વડનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આપ્યું હતું.

### વડનગરથી 'સેવા સંકલ્પ અભિયાન'નો પ્રારંભ

નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને તેમના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભાજપ દ્વારા આજથી દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડનગરમાં અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં શર્મિષ્ઠા તળાવ ખાતે મહાઆરતી, પદયાત્રા, સ્વચ્છતા અભિયાન અને વડનગરથી વારાણસી સેવા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શર્મિષ્ઠા તળાવ ખાતે મહાઆરતી બાદ હાટકેશ્વર મહાદેવ મંદિર સુધી પદયાત્રા યોજાઈ હતી. ગૃહમંત્રી અમિત શાહે હાટકેશ્વર મહાદેવના દર્શન કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુષ્ય અને તેમના રાષ્ટ્રસેવાના સંકલ્પને વધુ શક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી. વડનગર રેલવે સ્ટેશન ખાતે સ્વચ્છતા અભિયાનમાં પણ તેમણે ભાગ લીધો હતો.

### વડનગરથી વારાણસી સુધી બાઈક યાત્રા

સેવા સંકલ્પ અભિયાનના ભાગરૂપે વડનગરથી વારાણસી સુધીની બાઈક યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રા ૧૦ રાજ્યોના ૧૯૩ જિલ્લાઓ અને ૧૧૫૯ ગામડાંઓમાંથી પસાર થઈને અંદાજે ૪૦ હજાર કિલોમીટરનું અંતર કાપશે. વડનગર અને વારાણસી બંને તરફથી યુવાનો બાઈક સાથે આ યાત્રામાં જોડાશે અને ૭ ઓક્ટોબરે યાત્રાનું સમાપન થશે. યાત્રા દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, નશામુક્ત ભારત, ટીબી મુક્ત ભારત અને જળસંરક્ષણ જેવા સામાજિક જાગૃતિના કાર્યક્રમો યોજાશે. આ સાથે સફાઈ કર્મચારીઓનું સન્માન પણ કરવામાં આવશે. જન્મભૂમિ વડનગરથી કર્મભૂમિ વારાણસી સુધીની આ યાત્રાને સેવા, સંકલ્પ અને રાષ્ટ્રસમર્પણની ભાવનાના પ્રતીક તરીકે રજૂ કરવામાં આવી છે.

### 'મોદીના શાસનકાળમાં જ મહિલા અનામત થઈને રહેશે'

મહિલા અનામતના મુદ્દે શાહે ફરી એક વખત સીધો રાજકીય પડકાર ફેંક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિપક્ષના નેતાઓ બિલને રોકીને બેઠા છે, પરંતુ તેમને વિશ્વાસ છે કે ૩૩ ટકા માતૃશક્તિ મહિલા અનામત થઈને જ રહેશે. શાહે આ મુદ્દાને મોદી સરકારના અન્ય મોટા નિર્ણયો સાથે જોડતાં જીએસટી, બેન્કિંગ સુધારા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કલમ ૩૭૦, ટ્રિપલ તલાક, સીએએ, નક્સલવાદ સામેની કાર્યવાહી અને સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક તથા ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કર્યો હતો.

### ભૂપેન્દ્ર પટેલ: મોદીનાં ૨૫ વર્ષના પરિશ્રમથી ભારતનું પરિવર્તન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીના જાહેર જીવનની જનસેવાની ૨૫ વર્ષની યાત્રા આગામી ૭ ઓક્ટોબરે પૂર્ણ થઈ રહી છે અને આ અવસરે શરૂ થયેલું 'સેવા સંકલ્પ અભિયાન' તેમની જનસેવાની યાત્રાને વધુ ગતિ આપવાનું માધ્યમ બનશે. તેમના જણાવ્યા મુજબ આજના બદલાયેલા ભારતના પરિવર્તનના મૂળમાં મોદીના ૨૫ વર્ષનો પરિશ્રમ અને જનસેવાની અવિરત સાધના છે. ગુજરાત ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પણ નરેન્દ્ર મોદીના જાહેર જીવનના કેન્દ્રમાં રાષ્ટ્રહિત તેમજ યુવા, મહિલા, ખેડૂત અને ગરીબોના કલ્યાણને પ્રાથમિકતા અપાઈ હોવાનું જણાવ્યું હતું. વડનગરની વિરાસત અને વિકાસને પણ આ સમગ્ર આયોજન સાથે સાંકળવામાં આવ્યું હતું.